દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

મંગળવાર ૩૦ જૂન, ૨૦૨૬

# નાગરિકતા પુરવાર કરવાની બાબતના ગુંચવાડા દૂર થાય તે જરૂરી

પાસપોર્ટ એ નાગરિકતાનો પુરાવો નથી તેવી સ્પષ્ટતા હાલમાં વિદેશ મંત્રાલયે કરી તે પછી એક મોટો વિવાદ ઉભો થયો કે જો પાસપોર્ટ પણ નાગરિકતાનો પુરાવો નથી તો પછી નાગરિકતાનો પુરાવો કયા દસ્તાવેજો છે? કારણ કે હાલ થોડા સમય પહેલા જ બિહાર અને બંગાળમાં એસઆઇઆરની કાર્યવાહી વખતે એવો અભિગમ અપનાવવામાં આવ્યો હતો કે આધાર કાર્ડ એ નાગરિકતાનો પુરાવો નથી, તે માત્ર એક ઓળખ પત્ર છે. સ્વાભાવિક રીતે જ આ સંદર્ભમાં વિપક્ષો, વિચારકો અને સામાન્ય લોકો પણ પ્રશ્ન ઉઠાવી રહ્યા છે કે જો આધાર કાર્ડ નાગરિકતાનો પુરાવો નથી, મતદાર ઓળખ પત્ર એ નાગરિકતાનો પુરાવો નથી, પાસપોર્ટ પણ પુરાવો નથી તો પછી ભારતીય નાગરિક હોવાનો પુરાવો શું છે? પાસપોર્ટ અંગેના ખુલાસા પછી ભારે વિવાદ થયા બાદ સરકારી સૂત્રોએ સ્પષ્ટતા કરી કે પાસપોર્ટ ક્યારેય નાગરિકતાનો પુરાવો રહ્યો નથી અને છેલ્લા ૧૨ વર્ષમાં મોદી સરકાર દ્વારા આ દસ્તાવેજ અંગે કોઈ નવો નિર્ણય લેવામાં આવ્યો નથી. વિદેશ મંત્રાલય દ્વારા પાસપોર્ટ એ પ્રવાસનો દસ્તાવેજ છે અને નાગરિકતાનો પુરાવો નથી તેવી સ્પષ્ટતા અંગેના મીડિયા અહેવાલો પર સૂત્રોએ જણાવ્યું હતું કે, પાસપોર્ટ નાગરિકતાનો પુરાવો નથી તેવો નિર્ણય ગઈકાલે લેવાયો નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, પાસપોર્ટ એક્ટ ૧૯૬૭ મુજબ બિન-નાગરિકોને પણ પાસપોર્ટ આપી શકાય છે. એક સૂત્રએ જણાવ્યું હતું કે, ગઈકાલે એવું નક્કી નથી કરાયું કે પાસપોર્ટ નાગરિકતાનો પુરાવો નથી. છેલ્લા ૧૨ વર્ષમાં પણ આવો કોઈ નિર્ણય લેવાયો નથી. પાસપોર્ટ ક્યારેય નાગરિકતાનો પુરાવો રહ્યો જ નથી. મીડિયા અહેવાલોમાં વિદેશ મંત્રાલયના અધિકારીઓને ટાંકીને કહેવામાં આવ્યું હતું કે પાસપોર્ટ એ પ્રવાસ માટેનો દસ્તાવેજ છે, નાગરિકતાનો પુરાવો નથી. તે એવો દસ્તાવેજ નથી જે નાગરિકતા સ્થાપિત કરે છે. ભારતીય પાસપોર્ટ બિનભારતીયને પણ અમુક સંજોગોમાં જારી કરી શકાય છે તે સંદર્ભમાં આ વાત જો કે યોગ્ય જણાય છે.

નાગરિકતાના પુરાવા અંગે વિવાદમાં વિપક્ષે સરકાર પર આકરા કટાક્ષો કર્યા હતા. TMC નેતા મહુઆ મોઇત્રાએ આ મુદ્દે સરકાર પર કટાક્ષ કરતા X પર કહ્યું કે, એવું લાગે છે કે આજે ભારતીય નાગરિકતાનો એકમાત્ર પુરાવો હિન્દુ હોવું અને ભાજપના મતદાર હોવું તે જ છે. બીજું કંઇ ચાલશે નહીં. રાજ્યસભાના સાંસદ કપિલ સિબલે પણ આ મામલે સરકાર પર પ્રહારો કર્યા હતા. તો પછી કયો દસ્તાવેજ નાગરિકતાનો પુરાવો છે? બીએલઓ (BLO) મારી નાગરિકતા પર શંકા કરી શકે છે અને મને મારા વોટથી વંચિત કરી શકે છે. પરિણામે ભાજપ ચૂંટણી જીતી જાય. હવે મામલો સુપ્રિમ કોર્ટના ભરોસે! એમ તેમણે X પર કહ્યું. ગીતકાર જાવેદ અખ્તરે વિદેશ મંત્રાલયની આ સ્પષ્ટતાને વાહિયાત ગણાવી હતી. તેમણે X પર કહ્યું, વિદેશ મંત્રાલય કહે છે કે પાસપોર્ટ એ પ્રવાસનો દસ્તાવેજ છે, નાગરિકતાનો પુરાવો નથી. ખરેખર??? તો શું તેઓ આ પ્રવાસ દસ્તાવેજ એ વ્યક્તિ ભારતીય નાગરિક છે તેની સંપૂર્ણ ખાતરી કર્યા વિના જ આપી રહ્યા છે?? જાવેદ અખ્તરનો ગુસ્સો વાજબી છે પરંતુ ભારતીય પાસપોર્ટ બિનભારતીયને પણ અમુક સંજોગોમાં જારી કરવામાં આવે છે તે વાતની તેમને જાણ નહીં હશે.

૨૦૧૩માં બોમ્બે હાઈકોર્ટના ચુકાદાઓમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે પાસપોર્ટ એ નાગરિકતાનો પુરાવો નથી. ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલી મતદાર યાદીની ખાસ સઘન સુધારણા અંગેની સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે પણ અવલોકન કર્યું હતું કે આધાર એ નાગરિકતાનો નિર્ણાયક પુરાવો નથી, માત્ર ઓળખનો દસ્તાવેજ છે. ૨૦ ડિસેમ્બર, ૨૦૧૯ ના રોજ, ભારત સરકારના પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરો (PIB) એ નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન્સ (NRC) અને સિટિઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ (CAA) અંગે વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs)ના સમૂહ દ્વારા એક વિગતવાર સ્પષ્ટતા જારી કરી હતી. જેમાં જણાવાયું હતું કે, જન્મતારીખ અને જન્મસ્થળ સંબંધિત કોઈપણ દસ્તાવેજો સબમિટ કરીને નાગરિકતા સાબિત કરી શકાય છે. જો કે, આવા સ્વીકાર્ય દસ્તાવેજો અંગે હજી નિર્ણય લેવાનો બાકી છે. એટલે હજી પણ નાગરિકતા અંગે સ્પષ્ટતા કરતા કોઇ સ્વીકૃત દસ્તાવેજો તો છે જ નહીં એમ કહી શકાય. PIB એ FAQs માં એમ પણ જણાવ્યું હતું કે કોઈપણ વ્યક્તિની નાગરિકતા સિટિઝનશિપ રૂલ્સ, ૨૦૦૯ ના આધારે નક્કી કરવામાં આવે છે. આ નિયમો સિટિઝનશિપ એક્ટ, ૧૯૫૫ પર આધારિત છે. તેમાં જણાવાયું છે કે કોઈપણ વ્યક્તિ માટે ભારતનો નાગરિક બનવાની પાંચ રીતો છે: જન્મ દ્વારા નાગરિકતા, વંશાવલી દ્વારા નાગરિકતા, નોંધણી દ્વારા નાગરિકતા, દેશીયકરણ (નેચરલાઈઝેશન) દ્વારા નાગરિકતા અને પ્રદેશના સમાવેશ દ્વારા નાગરિકતા. આ રીતે નાગરિકતા મેળવી શકાય છે તે બરાબર, પરંતુ કોઇ પણ નાગરિકને પોતાની ભારતીય નાગરિકતા પુરવાર કરવા માટે શું કરવું જોઇએ અને તેની પાસે કયા દસ્તાવેજો હોવા જોઇએ તેની સ્પષ્ટતા કરતી માર્ગદર્શિકા જારી થાય તે ઇચ્છનીય છે.

## એક વાત વિચારવા જેવી

એક દિવસ ઘણી બધી રીલ્સ જોતાં જોતાં એક રીલ જોઇને દેવાંગે નક્કી કર્યું કે હું આ રીલમાં સમજાવ્યા પ્રમાણે જીવનને બદલી નાખતી આદતો અપનાવવાનું શરૂ કરીશ. દેવાંગનો નિર્ણય દૃઢ હતો. તેણે નક્કી કર્યું કે આજથી હું રોજ સવારે જે જે સામે મળે, બધાને સામેથી સ્માઈલ આપીશ અને ગુડ મોર્નિંગ કહીશ.

દેવાંગે શરૂ કર્યું. સવારે દૂધવાળાને, લીફ્ટ મેનને, બાજુમાં કામ કરતી કમળાને, રસ્તામાં સામે મળેલા અંકલને, વોચમેનને સ્માઈલ આપી અને ગુડમોર્નિંગ કહ્યું ...બધા ખુશ થયાં. દૂધવાળાએ કહ્યું, ''રામ રામ સાહેબ....લીફ્ટમેને કહ્યું, ''વેરી ગુડ મોર્નિંગ સર.'' કમળા તો હસીને શરમાઈને ચાલી ગઈ...અંકલ બોલ્યા ''ગુડ મોર્નિંગ આજે ખુશમાં છે ...'' વોચમેને સામે સલામ મારી. દેવાન્ગને પણ સારું લાગ્યું અને બધાને ગમ્યું...દેવાંગ આગળ ગયો.અજાણ્યા રિક્ષાવાળા સામે હસ્યો અને ગુડ મોર્નિંગ કહ્યું, રીક્ષાવાળો હસીને સામેથી બોલ્યો, ''ક્યાં જવું છે સાહેબ?'' દેવાંગને થયું, સાચે એક સ્માઈલ અને ગુડ મોર્નિંગ કહેવામાં પણ ઘણી તાકાત છે. આપનો અને સામેવાળાનો મૂડ બદલી શકે છે. દેવાંગની

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

સવાર સુધરી ગઈ...તેણે આ રોજ જીવનમાં વણી લેવાનું નક્કી કરી લીધું. બીજે દિવસે સવારે બધાને સ્માઈલ આપી ગુડ મોર્નિંગ કહેતો દેવાંગ નીકળ્યો ...પહેલે માળે રહેતા ભાઈ લીફ્ટમાં સાથે થઇ ગયા. દેવાંગે ગુડ મોર્નિંગ કહ્યું અને સ્માઈલ આપી પણ પેલા ભાઈ બોલ્યા, ''ભાઈ, એવું તે શું છે, સારું છે આ સવારમાં માથું ન ખાવ...'' જવાબ સાંભળી દેવાંગને આંચકો લાગ્યો.. પણ હશે તેમનો મૂડ સારો નહિ હોય તેમ વિચારી તે જે સામે મળે તેને સ્માઈલ આપી ગુડ મોર્નિંગ કહેતો આગળ વધી ગયો. દેવાંગ આ આદત અપનાવી બહુ ખુશ હતો.પરંતુ અઠવાડિયામાં ચાર વાર પેલા પહેલે માળ પર રહેતા ભાઈ લીફ્ટમાં સાથે થઈ જતાં દેવાંગ સ્માઈલ આપી ગુડ મોર્નિંગ કહેતો પણ જવાબમાં પેલા ભાઈ કંઈ એલફેલ બોલીને વાંકો જવાબ જ આપતા. આવું ઘણી બધી વાર થતાં લીફ્ટમેનથી ન રહેવાતાં તેણે પહેલો માળ આવતાં પહેલાં કહ્યું, ''દેવાંગ સર, તમે શું કામ પેલા ભાઈને સ્માઈલ આપી ગુડ મોર્નિંગ કહો છો, તે હંમેશા ખરાબ વર્તન કરે છે.આજે જો તેઓ હોય તો કંઈ નહિ કહેતા.'' દેવાંગ કંઈ ન બોલ્યો. ખાલી હસ્યો. પેલા ભાઈ આવ્યા. રોજની જેમ ગુસ્સામાં જ હતા. લીફ્ટમાં પ્રવેશતાં જ લીફ્ટમેનને ખીજાયા. દેવાંગે સ્માઈલ આપી ગુડ મોર્નિંગ કહ્યું, તેને પણ બોલ્યા, ''તારી મોર્નિંગ ગુડ હશે, મારી નથી સમજ્યો...'' દેવાંગ ચુપચાપ જે સામે મળે તેને સ્માઈલ આપતો ગુડ મોર્નિંગ કહેતો આગળ વધી ગયો. લીફ્ટમેન દોડીને પાછળ આવ્યો અને બોલ્યો, ''સર, તમે શું કામ આ ભાઈને ગુડમોર્નિંગ કહ્યું?'' દેવાંગ હસીને બોલ્યો, ''ભાઈની ખરાબ બોલવાની રીત તેમની ખરાબ આદત છે પણ હું તેને માટે મારી આ સારી આદત શું કામ છોડું?'' લીફ્ટમેનને વિચાર કરતો મૂકી હસતો હસતો દેવાંગ આગળ વધી ગયો.

# ગુજરાતમાં નવી શિક્ષણ નીતિ (NEP 2020) અને ચોથા વર્ષની અનિશ્ચિતતા: સવાલો અને પડકારો

શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

**શું ગુજરાતની તમામ કોલેજો ચાર વર્ષનો આ કોર્સ ચલાવવા માટે સક્ષમ છે? વાસ્તવિકતા એ છે કે રાજ્યની ઘણી સરકારી અને ગ્રાન્ટેડ કોલેજો હાલમાં જ વર્ગખંડો અને પ્રયોગશાળાઓ ની અછત ભોગવી રહી છે**

ગુજરાતમાં શૈક્ષણિક સત્ર ૨૦૨૩-૨૪થી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP ૨૦૨૦) નો અમલ શરૂ કરવામાં આવ્યો હતો. આ નીતિ અંતર્ગત ઉચ્ચ શિક્ષણમાં મોટો બદલાવ લાવીને મલ્ટિપલ એન્ટ્રી અને એક્ઝિટ સિસ્ટમ દાખલ કરાઈ. જે મુજબ વિદ્યાર્થી ત્રણ વર્ષે ડિગ્રી મેળવી શકે છે અને ચોથું વર્ષ પૂર્ણ કરીને ઓનર્સ અથવા રિસર્ચ ડિગ્રી મેળવી શકે છે. હવે આ નીતિના અમલને ત્રણ વર્ષ પૂરાં થવા આવ્યાં છે અને આગામી શૈક્ષણિક સત્રથી ચોથું વર્ષ શરૂ થવા જઈ રહ્યું છે. પરંતુ કમનસીબે, ગુજરાતની શૈક્ષણિક આલમમાં હજુ પણ ભારે અસમંજસ અને અનિશ્ચિતતાનો માહોલ જોવા મળી રહ્યો છે.અભ્યાસક્રમ અને ફી માળખાનો અભાવ સૌથી મોટો પ્રશ્ન એ છે કે ચોથું વર્ષ શરૂ થવાની અણી પર હોવા છતાં, રાજ્યની મોટા ભાગની યુનિવર્સિટીઓમાં સેમેસ્ટર-૭ અને સેમેસ્ટર-૮ના નિયમિત અભ્યાસક્રમો (Syllabus) હજુ સુધી તૈયાર કે સ્પષ્ટ નથી. અભ્યાસક્રમ વિના અધ્યાપકો શું ભણાવશે? અને વિદ્યાર્થીઓ શું વાંચશે?, તે એક ગંભીર સવાલ છે. આ ઉપરાંત, ચોથા વર્ષ માટેની ફી કેટલી હશે તે અંગે પણ કોઈ સ્પષ્ટ માળખું જાહેર કરાયું નથી. ફી નિર્ધારણ વગર કોલેજો અને વાલીઓ બંને મૂંઝવણમાં છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સંસાધનોની કટોકટી વિષે કોઈ વિચારતું નથી. શું ગુજરાતની તમામ કોલેજો ચાર વર્ષનો આ કોર્સ ચલાવવા માટે સક્ષમ છે? વાસ્તવિકતા એ છે કે રાજ્યની ઘણી સરકારી અને ગ્રાન્ટેડ કોલેજો હાલમાં જ વર્ગખંડો અને પ્રયોગશાળાઓ (Labs) ની અછત ભોગવી રહી છે. ચોથું વર્ષ ઉમેરાતાં જ અચાનક વિદ્યાર્થીઓની સંખ્યા વધશે. આ વધારાનાં વિદ્યાર્થીઓ માટે પૂરતું ઈન્ફ્રાસ્ટ્રક્ચર, બેઠકવ્યવસ્થા અને લાઈબ્રેરીનાં સાધનો ક્યાંથી આવશે? પાયાની સુવિધાઓ વિના માત્ર કાગળ પર નીતિ અમલી બનાવવી કેટલી યોગ્ય? અધ્યાપકોની ઘટઃ એક મોટો પડકાર નવી શિક્ષણ નીતિના સફળ અમલ માટે સંશોધન (Research) અને વિશેષ વિષયો પર ભાર મૂકવામાં આવ્યો છે. ચોથા વર્ષમાં વિદ્યાર્થીઓને ઉચ્ચ કક્ષાનું શિક્ષણ આપવા માટે લાયક અને નવા અધ્યાપકોની જરૂર પડશે. ગુજરાતની કોલેજો પહેલેથી જ કાયમી અધ્યાપકોની ભારે ઘટનો સામનો કરી રહી છે અને કરાર આધારિત અથવા વિઝિટિંગ ફેકલ્ટીથી કામ ચલાવવામાં આવે છે. આવા સંજોગોમાં, નવા સંશોધન આધારિત વર્ષને ન્યાય આપવો વર્તમાન સ્ટાફ માટે અત્યંત મુશ્કેલ બનશે. કટોકટી નિવારણની જરૂરિયાત જો સરકાર અને યુનિવર્સિટીઓ સમયસર જાગશે નહીં, તો આ નીતિનો ભોગ વિદ્યાર્થીઓ બનશે. ડિગ્રીની કિંમત અને શિક્ષણનું સ્તર જાળવી રાખવા માટે યુનિવર્સિટીઓએ તાત્કાલિક ધોરણે નીતિવિષયક સ્પષ્ટતા કરવી અનિવાર્ય છે.

જેમકે આ કોમન પોર્ટલમાં સેલ્ફ ફાઈનાન્સ યુનિવર્સિટીની કોલેજોમાં વિદ્યાર્થી સીધો જ પ્રવેશ મેળવે એવું કેમ? અહીં ત્રણસો રૂપિયા ભરવાના ,પછી કોલેજમાં પ્રવેશ ફોર્મના અને પ્રવેશ ફીના તો જુદા ભરવાના જ આવું કેમ? સૌથી અગત્યનો પ્રશ્ન કે આ ત્રણસો રૂપિયા ખરેખર કોના ખિસ્સામાં જવાના? વિદ્યાર્થીઓને આનાથી શું લાભ?

શિક્ષણ વિભાગના આ ફરમાનના કારણે ગુજરાતનાં ગામડાંનાં વિદ્યાર્થીઓ આ કોમન પોર્ટલ પર બધી વિગત અને ડોક્યુમેન્ટ અપલોડ કરાવવા માટે સાયબર કાફેમાં ત્રણસો રૂપિયા ફી ઉપરાંત બસોથી પાંચસો રૂપિયા ચાર્જ ચૂકવી રહ્યા છે.

૨૦૨૦થી દેશમાં જે નવી શિક્ષણ નીતિ લાગુ થઇ છે. તેમાં ABC એટલે કે એકેડેમિક બેંક ઓફ ક્રેડીટમાં નોંધણીનો નિયમ છે. પણ રાજ્યવાર કોમન પર્ટલ માં રજીસ્ટ્રેશનનો નિયમ નથી. આ ગુજરાતના અધિકારીઓને સૂઝેલો તુક્કો છે. વચ્ચે પણ શિક્ષણ વિભાગના એક અધિકારીશ્રીએ આવો જ તુક્કો અમલમાં મૂકેલો. સેન્ટ્રલ મેરીટ મુજબ એડમિશન આપવાનો એટલે કે મેડીકલ અને એન્જિનિયરીંગની જેમ આર્ટસ કોમર્સ કોલેજોમાં પણ રાજ્ય સ્તરે મેરીટ બનાવી એડમિશન આપવાનું. ત્યારે પણ સૌ ચૂપ રહ્યા હતા અને ત્યારે પણ સમય જતાં આ અદ્ભુત યોજના પડતી મુકાઈ હતી. હેરાન માત્ર એ વાલી અને વિદ્યાર્થીઓ થયાં, જેઓ પ્રથમ તબક્કામાં સરકારના નિયમને અનુસર્યા! એટલે જાણકારો તો આજે પણ એમ જ કહે છે કે આ શરૂઆતના દિવસોમાં બધું ચાલશે પછી જુલાઈ આવતાં આવતાં તો સરકાર કોલેજોને જ સોંપી દેશે કે જાતે જ એડમિશન આપી દો. કોલેજ લેવલે જ કોમન પોર્ટલમાં રજીસ્ટ્રેશન પણ થઇ જશે. સરકારનો ઈરાદો માત્ર વિદ્યાર્થીઓની માહિતી એકત્ર કરવાનો જ હોત તો તો સરકારે કોલેજોને જ સૂચના આપી હોત કે તમારી કોલેજમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીની માહિતી રોજે રોજ સરકારને મોકલી આપો. આવા અલગ પોર્ટલમાં નોંધણી કરી તે પાછી કોલેજમાં જવાની વહીવટી લાંબી ગૂંચ ઊભી ના કરી હોત. લાગે છે ગુજરાતમાં હવે સોફ્ટવેરનો વહીવટી લેવલે ધંધો શરૂ થયો છે?.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ગાળ વિના મોળો કંસાર..!

મંગલ મસ્તી

રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'

**ગુજરાતીમાં કહેવત છે, કે 'બાર ગાઉએ બોલી બદલે તરુવર બદલે શાખા, બુઢાપામાં કેસ બદલે પણ લખણ નહિ બદલે લાખા!' લોકબોલી તો અમને વારસામાં મળેલી. એ તો અમારા લોહીનું હેમોગ્લોબિન છે**

હસાવવાના રવાડે ચઢવામાં 'ગાળ' ખાવાનો વિષય પકડાઈ તો ગયો છે, હવે ઠાકર કરે એ ઠીક! ચલાવી લેજો યાર! આ તો શેર બજાર જેવું છે, ક્યારેક બધું હેમખેમ પણ ચાલે ને ક્યારેક પછડાટ પણ ખાવી પડે. હસાવવા માટે અમારે પણ સરકસના જોકરની માફક બધા ખેલ કરવા પડે. સાહસમાંથી હવે જે હસાહસ નીકળે તે! ભૂલ એટલી જ કે, અનાયાસ હાસ્યના ચકરડા-ભમરડા તો ઘણા ફેરવ્યા, આજે મને આયાસી હાસ્યમાં હાથ નાંખવાની ચળ ઊપડી. ખ્યાલ તો આવે કે, મામલો કેટલો ઊંડો છે? પણ પામી ગયો બોસ! આયાસી હાસ્ય ઉપજાવવું, એ સામસામે ગલગલિયાં કરવા જેટલું સહેલું નથી. વાંદરો વાંદરીને ગલીપચી કરે તો વાંદરી ચોક્કસ હસે, પણ વાંદરી બીજાની હોવી જોઈએ. પોતાની હોય તો ઝાપટ ખાવાની તૈયારી રાખવી પડે!

આટલી સમજદારી હોવા છતાં, વગર દાંતે વટાણા ચાવવા નીકળ્યો છું. મુદ્દાની વાત એ છે કે, લોકોનાં મહેણાં સાંભળીને ત્રાસી ગયેલો કે, સુરતીઓ ગાળ બહુ બોલે! તો શું બીજા બધા સંસ્કારી બનીને માત્ર રામધૂન જ બોલાવતા હશે? ગાળનો 'ગ' પણ નહિ બોલતા હોય? એમને કોણ સમજાવે કે, એ તો અમારો બોલચાલનો લહેકો છે યાર? ગુજરાતીમાં કહેવત છે, કે 'બાર ગાઉએ બોલી બદલે તરુવર બદલે શાખા, બુઢાપામાં કેસ બદલે પણ લખણ નહિ બદલે લાખા!' લોકબોલી તો અમને વારસામાં મળેલી. એ તો અમારા લોહીનું હેમોગ્લોબિન છે. માત્ર સુરતીઓના જ નહિ, પ્રાંત પ્રાંતના બોલવાના લહેકા અલગ હોય. અમુકનાં મીઠાં હોય, અમુકનાં ખાટાંમીઠાં હોય, તો અમુકના કડવી વેલ જેવા પણ હોય! પણ મુદ્દાની વાત એ કે, 'ઘરકી મુરઘી દાલ બરાબર.' સૌને પોતાની ભાષા 'વાઈફ' જેવી લાગે ને બીજાની ભાષામાં ગોળપાપડી દેખાય! એને ચિત્તનો અવૈધ સંબંધ કહેવાય. બાકી વાપીથી તાપીનો પ્રદેશ એટલે હરિયાળો પ્રદેશ, નદી-નાળાંથી ભરેલો પ્રદેશ! પણ નજરમાં એ નહિ આવે, માત્ર ભાષા જ દેખાય! સૌનો સાથ સૌનો વિકાસ જેવું રાખીએ. સૌની સાથે આત્મીયતા કેળવવાનો ધોરીમાર્ગ, એટલે અમારો લહેકો! પડેલી તિરાડ પણ તથાસ્તુના ભાવમાં પલટાઈ જાય. ગાળ બોલવાનો કોઈ ઈરાદો જ ના હોય, પણ જે પ્રગટ થાય એને લોકો ગાળ કહે. અમુક શબ્દો અનાયાસે જ સરી પડે, એ વિના દિલ બાગ-બાગ જ નહિ થાય. એના કપાળમાં કાંદા ફોડું, મારી ઉંમરનો વર્તારો જોઈને એક દિવસ ચમનિયો મને કહે, 'તમે માત્ર જમાનાના ખાધેલ જ નથી બોસ, ગાળોના ખાધેલ પણ જીવ છો. મારા દાદા કહેતા કે, 'જે માણસ જેટલી વધારે ગાળ ખાય, એટલી ઉંમર એની વધે. એ વગર તમે આટલી ઉંમરના મુકામ પર આવી જ ના શકો!' મેં કહ્યું કે, હાસ્યનો હવાલદાર હોવાથી, મોઢામોઢ તો કોઈની ગાળ ખાધી નથી, પછી કહેવાય નહિ, પાછલા બારણે આવીને કોઈ ટકોરા પાડી ગયું હોય! બાકી ડો. કુમાર વિશ્વાસ કહે એમ...

લહર હૈ, હૌંસલા હૈ, રબ હૈ, કિસ્મત હૈ, દુઆએઁ હૈં,
કિનારા કરનેવાલોંસે કિનારા કર લિયા હૈ મૈંને!

આમ પણ, ગાળ ખાવા કે આપવાના મામલે હું મહાન આળસુ છું. ક્યારેક તો મને હસતો જોઈને ગાળ દેનારને પણ દયા આવી જાય કે, સોનાની લગડી જેવી ગાળ, આ ધંતુરા માટે વેડફી ના દેવાય. ગાળો ખાવાની મારી અશક્તિ પણ ખરી. એટલે તો હું રાજકારણના કુંડાળામાં જઈ શકતો નથી. કેટલા 'વોલ્ટ'ની ગાળ કોને અપાય એનું નોલેજ પણ હોવું જોઈએ ને મામૂ..? જ્યારે જ્યારે અમુકને 'હાઈ વોલ્ટેજ'વાળી ગાળો ભાંડતાં સાંભળું છું ત્યારે, મને અદેખાઈ પણ આવે કે, આપણે સાલા (ગાળ) 'ઓમ શાંતિ ઓમ'ના પલાખામાંથી ઊંચા નથી આવતા, અને આ લોકો ક્યાંથી ક્યાં નીકળી ગયા? આપણે તો નીચી મૂડી રાખીને, અંગુઠાથી જમીન જ ખોતર્યા કરવી પડે! ગાળ આવડતી હોય તો, બોલવાની ફાવટ પણ હોવી જોઈએ ને? ક્રિકેટમાં તો રન લેવા માટે 'રનર્સ' પણ આપે, ગાળ સામે ગાળ બોલવા માટે 'રનર્સ'જેવી સીસ્ટમ જ ક્યાં છે? અમુક તો એવી એવી ગાળોનાં માહિર કે, બે કલાક થાય તો પણ, કોઈ ગાળ રીપીટ નહિ થાય. વળી ગાળોના પ્રકાર પણ કેટલા? કેટલીક ગાળ 'આયુર્વેદ'જેવી હોય. સવારે ગાળ મળી હોય તો, રાતે પથારીમાં પડ્યા પછી તે સમજાય ! અમુક 'એલોપથી' જેવી, મોઢામાંથી નીકળે એટલી જ વાર, સાંભળવાવાળાને તરત ચચરાવી નાંખે.

અમારો ચમનિયો એટલે પાક્કો અમદાવાદી. એક ભાઈ એને ધોધમાર ગાળો આપતો હતો ને ચમનિયો સત્સંગ સાંભળતો હોય એમ સાંભળ્યા કરે. મેં કહ્યું, 'આ ફટીચર આટલી બધી તને ગાળો આપે છે ને તું ટાઢકવાયો થઈને સાંભળ્યા શું કરે? ગાળ ના આવડતી હોય તો, ગાળના લહેકામા?' મને કહે, 'એ આપે છે ને, આપણી પાસેથી લઈ ના જવો જોઈએ!'તારા કપાળમાં કાંદા ફોડું! છેલ્લે ગાળ તો બોલ્યો, પણ સાંભળીને ધનુર ઉપડે એવી. બિલકુલ શાકાહારી સાત્ત્વિક ને માઈનસ ડીગ્રી જેવ! જેમ કે, તારી ચંપલની પટ્ટી તૂટી જાય-તારાં ઘરે ઈન્કમ ટેક્ષવાળાની રેડ પડે- તારા ઘરની લાઈટ ચાલી જાય-તારી છત્રી કાગડો થઈ જાય-તારા ઘરના નળમાં પાણી નહિ આવે-તારું લગન તૂટી જાય-શ્રાદ્ધના દિવસે તારા ધાબે કાગડાઓ નહિ આવે-તારી વાઈફને દાઢી-મૂછ ફૂટે.-તારી વાઈફને શરદી થાય વગેરે વગેરે! બોલ્લો..આમાં સામાવાળાને ખુન્નસ ચઢે?

એક દિવસ ચમનિયાએ મારી સમક્ષ એની અંતિમ ઈચ્છા વ્યક્ત કરી કે, મારે સંસ્કૃત શીખવું છે. એટલા માટે કે, મર્યા પછી સ્વર્ગમાં ગયા અને ભગવાન સાથે વાર્તાલાપ કરવો હોય તો કામ આવે! મેં કહ્યું કે, 'ધાર કે તું સ્વર્ગને બદલે નરકમાં ગયો તો?'મને કહે, 'તો તો કોઈ સવાલ જ નહિ ને? આપણી પાસે સુરતી ભાષાનો સ્ટોક છે જ ને. તારા કપાળમાં કાંદા ફોડું! ચચરી ઊઠે એવી ગાળ બોલવી પણ એક કળા છે બોસ!

### લાસ્ટ બોલ

કસ્સમથી કહું કે, મારી શૈલી જેવી તો કોઈની પણ વાઈફ પોતાના ધણીની કાળજી નહિ રાખતી હોય. ચેલેન્જ છે બોસ! યુ ડોન્ટ બીલીવ આટલી મુશળધાર ગરમીમાં એણે મને પાંચ-પાંચ મીનીટે પાણી પીવડાવ્યું છે. મેં એના વખાણ કર્યા કે, 'તું મારી કેટલી કાળજી રાખે છે? મને ઘડીક પણ તરસ્યો રહેવા દેતી નથી. તારા જેવી સંસ્કારી પત્ની હોય તો જીવવાની મઝા આવે યાર?' મને કહે તમે તો મારા 'મની પ્લાન્ટ' છો. પત્ની તરીકે મારી ફરજ છે કે, મારો 'મની પ્લાન્ટ' મુશળધાર ગરમીમાં સુકાવો ના જોઈએ.

તારા કપાળમાં કાંદા ફોડું!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## વારંવાર ફૂટતા પ્રશ્નપત્રો

દર વર્ષે દેશની નાની મોટી શિક્ષણ સંસ્થાના પેપર ફૂટવાના બનાવ બનતા જ રહે છે. જ્યારે પેપર ફૂટે છે ત્યાર પછી સરકાર જાહેર કરીને બાંહેધરી આપે છે કે હવે પેપર નહીં ફૂટે. છતાં જાણે નિયમ બની ગયો હોય તેમ પેપર ફૂટયા જ કરે છે.હમણાં નીટ યુજીના પેપર એક દોઢ મહિના પહેલાં લીક થઈ ગયાં હતાં. યુવાન વિદ્યાર્થીઓના માનસ ખૂબ સંવેદનશીલ હોય છે. પરીક્ષા રદ થાય તો અમુકને લાગે છે કે જિંદગી હારી ગયા. દેશના અલગ અલગ પ્રદેશમાં ચાર વિદ્યાર્થીઓએ આત્મ હત્યા કરી. આમ પેપર લીક થાય એ વિદ્યાર્થીઓનો પ્રાણપ્રશ્ન બની ગયો છે. વિદ્યાર્થીઓના ભાવિ સાથે ખેલવાનો કોઈને અધિકાર નથી. ભ્રષ્ટાચાર અને ધનલાલસુ વ્યક્તિઓ સાચા અર્થમાં દેશ પ્રત્યે ઈમાનદાર અને વફાદાર ન બને ત્યાં સુધી પેપરો તો ફૂટયા જ કરશે અને વિદ્યાર્થીઓના ભાવિ હતાશામાં ગરકાવ થઈ જશે એમાં કોઈ બેમત નથી.

સુરત - શીલા સુભાષ ભટ્ટ

## ધર્મ અને માનવતા

દેશમાં જ્ઞાતિપ્રથા અને જાતિવાદ સદીઓથી ચાલતો આવ્યો છે. અસ્પૃશ્યતા એ હિંદુ ધર્મનું કલંક છે. આપણે 2047 નું ભારત કેવું હશે તેનો એજન્ડા અત્યારથી જ નક્કી કરવો પડશે. અસ્પૃશ્યતા અને ભેદભાવના લીધે આ જ્ઞાતિનાં લોકો ધર્મ પરિવર્તન કરી બૌદ્ધ અથવા ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરે છે ત્યારે દરેકને પ્રશ્ન થવો જોઈએ કે શું ધર્મ પરિવર્તનથી ખરેખર પરિવર્તન આવ્યું છે ખરું? એક વિકસિત રાષ્ટ્ર તરીકે ઉભરી આવવું પડશે અને તે માટે આઝાદીનાં 100 વર્ષ પૂર્ણ થયે 2047 ના ભારતની કલ્પનામાં દેશ અસ્પૃશ્યતા મુક્ત હશે એવો વિચાર વહેતો કરવો પડશે. જો કે દેશ આઝાદ થયો એટલે કાયદાથી અસ્પૃશ્યતા નાબૂદ થઈ જાય છતાં દેશમાં પ્રવર્તતી હોઈ ત્યારે atrocity act બનાવવો પડે એ દિશામાં વિચારવું પડે. 2047 સુધીમાં ઘણા કાયદા abeyance માં મૂકવા પડે તેવું આયોજન કરવું જોઈએ. દરેક માનવીમાં રહેલી માનવતાથી મોટો કોઈ ધર્મ નથી.

સુરત - ચંદ્રકાન્ત રાણા

## બૂરી આદતો સુધારો

ગમે ત્યાં કચરો ફેંકવો,ચાલતા ચાલતા અથવા બસમાં બેઠા હોય તો ત્યાં બારીમાંથી રસ્તા ઉપર પાનની પિચકારી મારવી,ઠેર ઠેર જ્યાં પણ કચરાના ઢગલા પડેલા દેખાય તો તેમાં ઉમેરો કરવો,ઘરની બારીમાંથી રસ્તા પર કચરો નાખવો તે ત્યાં સુધી કે એ જગ્યા પરથી કોઈ વ્યક્તિ પસાર થતી હોય તો કચરો તેની ઉપર પડશે તેની ફિકર કર્યા વગર.આ બૂરી આદતોને લીધે શહેરમાં ઠેરઠેર કચરાના ઢગલા નજરે પડે છે.તે ઉપરાંત યુવાનો ખાસ કરીને રાત્રિના સમયે જે બેફામ રીતે કાર હંકારે છે જેને લીધે અકસ્માતો થાય છે અને નિર્દોષ નાગરિકો મોતને ઘાટ ઊતરે છે તે પણ બૂરી આદત જ છે અને બહુ સહેલાઈથી સુધારી શકાય તેમ છે. આ બધી બૂરી આદતો છે અને અત્યંત સહેલાઈથી દૂર કરી શકાય એવી છે.જરૂર છે તેના અમલની.તેમ કરવાથી શહેર તો સ્વચ્છ રહેશે જ પણ સાથે સાથે મહાનગરપાલિકાના એ ખાતાને પણ થોડી રાહત થશે. તો આપણે દરેકે વ્યક્તિગત રીતે આવી બૂરી આદતો દૂર કરવાની પ્રતિજ્ઞા લઈને તેનો કડકાઈથી અમલ કરવો જોઈએ તેમા બેમત ન હોઈ શકે.

સુરત - સુરેન્દ્ર દલાલ

## નાગરિકતા

ભારતીય નાગરિકતા: ઓળખપત્રો નહીં, કાયદો અને સંવિધાન અંતિમ આધાર ભારતીય નાગરિકતા ભારતીય સંવિધાનના અનુચ્છેદ 5 થી 11 તથા Citizenship Act, 1955ની જોગવાઈઓ અનુસાર નક્કી થાય છે. કોઈ રાજકીય પક્ષની સભ્યતા, કોઈ વિચારધારા અથવા કોઈ સંગઠન સાથેનો સંબંધ નાગરિકતાનો આધાર બની શકતો નથી. આધાર કાર્ડ, PAN કાર્ડ, Voter ID, Driving Licence અથવા અન્ય ઓળખપત્રો ચોક્કસ વહીવટી હેતુઓ માટે બનાવવામાં આવ્યા છે. આધાર નિવાસ અને ઓળખની પુષ્ટિ માટે, Voter ID મતદાન માટે અને PAN કરવેરા સંબંધિત હેતુઓ માટે ઉપયોગી છે. આ દસ્તાવેજો દરેક પરિસ્થિતિમાં નાગરિકતાનો અંતિમ કાનૂની પુરાવો નથી. તે જ સમયે, ભારતીય પાસપોર્ટનું વિશેષ કાનૂની મહત્વ છે. સામાન્ય રીતે ભારતીય પાસપોર્ટ માત્ર ભારતીય નાગરિકને જ આપવામાં આવે છે અને તે પહેલાં સંબંધિત સત્તાધિકારીઓ દ્વારા જરૂરી દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવે છે. તેમ છતાં, જો કોઈ ચોક્કસ કાયદાકીય વિવાદ, છેતરપિંડી અથવા નાગરિકતા અંગે પ્રશ્ન ઊભો થાય, તો દરેક કેસમાં પાસપોર્ટને પણ અંતિમ અને અવિચલ પુરાવો ગણવો જરૂરી નથી. લોકશાહીમાં નાગરિક અને રાજ્ય વચ્ચેનો સંબંધ વિશ્વાસ, કાયદો અને સંવિધાન પર આધારિત હોવો જોઈએ, શંકા અને અનિશ્ચિતતા પર નહીં. કાયદાનું શાસન (Rule of Law) ત્યારે જ સાચા અર્થમાં સ્થાપિત થાય, જ્યારે દરેક ભારતીયને પોતાની નાગરિકતા અંગે સ્પષ્ટ, સમાન અને ન્યાયસંગત કાનૂની સુરક્ષા પ્રાપ્ત થાય.

સુરત - નિલેશ ચૌહાણ

## વહેતી નદી જેવી બદીઓ, સદીપાર

દેહ વેપાર , નશીલા પદાર્થો નું સેવન , માનવ તસ્કરી , આર્થિક ઉઠમણાં , સટ્ટા બેટિંગ , છેતરપિંડી , ઉઠાંતરી , વિચારચોરી , સાહિત્ય ની નકલખોરી , વીજળી ચોરી, પક્ષપલટુઓ, ભગવાનના નામે ચોરી વગેરે આપણા દેશમાં થઈ રહી છે.

માણસ મશીન બનાવતો થયો.. ત્યાં સુધી બધું બરાબર લાગ્યુ. પરંતુ હવે એક નવું પ્રકરણ ઉમેરાયું છે એ..AI જેમાં..મશીને જ માણસને બદલી નાખ્યો છે.

ખરેખર ખૂબજ દુઃખ સાથે કહેવું પડે છે કે, ક્યાં સુધી આમ ને આમ આધુનિકરણ અને વિકાસની આંધળી દોટમાં ભટકી રહેલો પારિવારિક જવાબદારીઓથી વિમુખ થયેલા સત્તાધારીઓ ગુજરાતના આવા બેજવાબદારો અને સત્તાભૂખ્યા વરૂઓની વ્યાખ્યા ને સમાંતર સમયે આવનારા સમયમાં જાકારો આપી શકાય તો જ ખરેખર મા ભારતીના અને મહાત્માના આત્માને પરમ શાંતિ મળશે. તમને શું લાગે છે. અંતરાત્માને પૂછશો ખરાં ?

સુરત -પંકજ મહેતા

## વાસ્તવિકતાનો સ્વીકાર જ પ્રગતિનો આધાર

જીવનમાં દરેક વ્યક્તિ સફળતા, સુખ અને અનુકૂળ પરિસ્થિતિઓની અપેક્ષા રાખે છે, પરંતુ વાસ્તવિકતા હંમેશાં આપણી ઈચ્છા મુજબ હોતી નથી. નિષ્ફળતા, પડકારો અને અણધારી પરિસ્થિતિઓ જીવનનો અભિન્ન ભાગ છે. આવા સમયે પરિસ્થિતિનો સ્વીકાર કરવાને બદલે ફરિયાદ, હતાશા અથવા દોષારોપણનો માર્ગ અપનાવવાથી સમસ્યાઓ વધુ જટિલ બને છે. જ્યારે વાસ્તવિકતાનો હિંમતપૂર્વક સ્વીકાર કરવામાં આવે છે, ત્યારે જ નવા માર્ગો અને નવી શક્યતાઓના દ્વાર ખુલે છે. આજના ઝડપી અને સ્પર્ધાત્મક યુગમાં માનસિક દૃઢતા, હકારાત્મક દૃષ્ટિકોણ અને વાસ્તવિકતાનો સ્વીકાર વ્યક્તિને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડે છે. તેથી જીવનમાં જેમાં પરિવર્તન લાવી શકાય તેમાં પરિવર્તન લાવવાનો પ્રયાસ કરીએ અને જેમાં પરિવર્તન શક્ય ન હોય તેને સમજદારીપૂર્વક સ્વીકારી આત્મવિશ્વાસ સાથે આગળ વધીએ કારણ કે પ્રગતિનો સાચો માર્ગ વાસ્તવિકતાના સ્વીકારથી જ શરૂ થાય છે.

સુરત - સાગર ગાંધી